જાહેરાત

**સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત આઈ.સી.ડી.એસ શાખા,જિલ્લા પંચાયત વડોદરા દ્વારા કાર્યરત વડોદરા જીલ્લાની આંગણવાડી કાર્યકર અને તેડાગરની જગ્યાઓ અંગે ઓનલાઈન ભરતી માટેની જાહેરાત સને.૨૦૨૩/૨૪**

આઈ.સી.ડી.એસ.શાખા,જિલ્લા પંચાયત વડોદરા હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર અને તેડાગરની માનદવેતનથી નિમણુક કરવાની થતી હાલની ખાલી જગ્યાઓ તથા સંભવિત ખાલી જગ્યાઓની વિગત.

(અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in)

| તાલુકાની સંખ્યા | ઘટકની સંખ્યા | આંગણવાડી કાર્યકરની હાલની ખાલી જગ્યા/ સંભવિત ખાલી જગ્યા | આંગણવાડી તેડાગરની હાલની ખાલી જગ્યા / સંભવિત ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૮ | ૧૧ | ૮૭ | ૨૨૫ |

- મહિલા ઉમેદવાર જે તે આંગણવાડી કેન્દ્ર વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઈએ તથા તે અંગેની મામલતદારશ્રી દ્વારા ઈશ્યુ કરેલ જન સેવા કેન્દ્રનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારની ઉંમર,શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલા હોવા જોઈએ.
- આંગણવાડી કાર્યકર અને તેડાગરની માનદ સેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા અરજદારની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનદ સેવામાં પસંદગી માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in ઉપર દર્શાવેલ સૂચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનું રહેશે. જાહેરાત પ્રસિદ્ધ થયાથી દિન ૨૩ માં તા. ૦૭/૧૧/૨૦૨૩ [રાત્રે ૦૦:૦૦ કલાકે (તા. ૦૮/૧૧/૨૦૨૩ થી શરૂ)] થી તા.૩૦/૧૧/૨૦૨૩ (રાત્રે ૧૨:૦૦ કલાક) સુધીમાં કરવાની રહેશે.
- ઓનલાઈન અરજી https://e-hrms.gujarat.gov.in વેબસાઈટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે.આંગણવાડીની ખાલી જગ્યાઓમાં અરજી કરવા માટે જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડી કાર્યકર- ૧૦૦૦૦/- આંગણવાડી તેડાગર- ૫૫૦૦/-ને મળતુ માનદવેતન પ્રમાણે માનદ સેવામાં પસંદગી માટે સામાન્ય શરતો મુજબની લાયકાત,ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે.આંગણવાડી કાર્યકરની શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૨ અને આંગણવાડી તેડાગરની શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ પાસ છે. જો કે વધુ લાયકાત ધરાવતાં ઉમેદવાર અરજી કરી શકશે.શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ત ગુણનાં ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે.ખાલી જગ્યા ભરવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદી નિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- આંગણવાડી વર્કર બીજો પ્રયત્ન: ડભોઇ-૨:- ભીમપુરા, સાવલી:- અંજેસર-૨, ઘટક પાદરા-૧:- સાધી-૪,રણું-૪, આતી-૫.
- આંગણવાડી હેલ્પર બીજો પ્રયત્ન:-ડભોઇ ૧-મોટાહબીપુરા-૨, સાવલી:- સાવલી-૩, અલીન્દ્રા, કુનપાડ, ચંદ્રનગર, ટુંડાવ-૧, નમીશરા-૨, મોકસી-૨, વડોદરા-૨:- દુમાડ-૫ ઘટક પાદરા-૧:- મુજપુર-૧૧, શિનોર:- બાવળીયા, ડેસર:- પાંડુ.
- આંગણવાડી વર્કર ત્રીજો પ્રયત્ન: -ડભોઇ-૧-કુવરપુરા, વડોદરા- ૨-હાંસજીપુરા.
- આંગણવાડી હેલ્પર ત્રીજો પ્રયત્ન :- ડભોઇ- ૧-મેનપુરા, બનૈયા, ડભોઇ- ૨- થરવાસા, સાવલી- હરીપુરા, કરજણ- છંછવા,હાંડોદ-૧,વીરજઇ-૧, વડોદરા- ૨-વિરોદ-૨,અણખી, શિનોર - ગરાડી.
- આ માટેની અરજી કરવાની પધ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.જે ધ્યાન પુર્વક વાંચી તથા સમજીને ઓનલાઇન આવેદન કરવાનુ રહેશે. ઓનલાઇન આવેદન કરતી વખતે તમામ વિગતો નિયમોનુસાર સાચી અપલોડ કરવામાં આવતા ડોક્યુમેન્ટ સુવાચ્ય અને નિયત નમુના અનુસારના હોવા જોઇશે. જો કોઇ પણ સ્તરે અરજદાર દ્વારા આપવામાં આવેલ વિગતો ખોટી અથવા અસ્પષ્ટ હશે તો તેઓની અરજી રદ કરવાને પાત્ર થશે અને આ અંગે કોઇ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહિં જેની ખાસ નોંધ લેવી.
- વધુ માહિતી માટે વડોદરા જિલ્લાનાં સંબંધિત તાલુકાના બાળ વિકાસ યોજના અધિકારી (ICDS),તાલુકા પંચાયત કચેરીનો સંપર્ક કરવો.

જિલ્લા વિકાસ અધિકારી
વડોદરા.